# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બિશ્કેકમાં શાંઘાઈ સહયોગ સંગઠન સમિટને સંબોધિત કરશે.

2) ભારતે સિંધુ જળ સંધિ અંગે મધ્યસ્થતા અદાલતના ચુકાદાને નકારી કાઢ્યો.

3) આજે નવી દિલ્હીમાં ચોથી ભારત-જર્મની પર્યાવરણ ફોરમ યોજાશે.

4) ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં 11ના મોત 5 ઘાયલ - મૃતકોના પરિવારોને 2 લાખ અને ઘાયલોને 50 હજારની સહાય જાહેર.

5) નેપાળમાં પૂરને કારણે અત્યાર સુધીમાં 900થી વધુના મોત -4247થી વધુ લાપતા

6) દેશમાં એક હજાર 71 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનુ વાવેતર.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-SCO-MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 26મી SCO સમિટને સંબોધિત કરશે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની 25મી વર્ષગાંઠની ઉજવણી માટે કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં આ સમિટનું આયોજન કરાયું છે. SCO સમિટમાં ભારત, ચીન, રશિયા અને દસ અન્ય સભ્ય દેશોનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ........

## VC: VIKALAP-SHUKLA

**(प्रधानमन्त्री नरेंद्र मोदी आज बिश्केक में शंघाई सहयोग संगठन के 26वें शिखर सम्मेलन को संबोधित करते हुए सुरक्षा, संपर्क और अवसर के क्षेत्र में भारत की प्राथमिकताओं को रेखांकित करेंगे। भारत आतंकवाद, अलगाववाद और उग्रवाद के खिलाफ लड़ाई में दोहरे मापदंड अपनाए जाने के हमेशा से खिलाफ रहा है। भारत का मानना है कि क्षेत्र में शांति और समृद्धि के लिए सदस्य देशों के बीच संपर्क बढ़ना जरूरी है। हालांकि, संपर्क परियोजनाओं के साथ सभी देशों की संप्रभुता और क्षेत्रीय अखंडता का सम्मान भी सुनिश्चित किया जाना चाहिए। विकल्प शुक्ला, आकाशवाणी समाचार, बिश्केक।)**

દરમ્યાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રશિયા, ઈરાન, કિર્ગિઝ રિપબ્લિક અને આર્મેનિયાના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરી હતી. આ બેઠકોમાં પરસ્પર હિતના વિવિધ પાસાઓ અને મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ ગઈકાલે 6ઠ્ઠી વર્લ્ડ ગેમ્સના સત્તાવાર ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લીધો હતો.

# INDIA - INDUS WATERS TREATY

ભારતે સિંધુ જળ સંધિ પર વિશ્વ બેંક દ્વારા રચાયેલી મધ્યસ્થતા અદાલતના ચુકાદાને નકારી કાઢ્યો છે, ટ્રિબ્યુનલની સત્તાને નકારીને તેના નિર્ણયોને અમાન્ય ગણાવ્યા છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, વિદેશ મંત્રાલયએ જણાવ્યું હતું કે, ભારતે ક્યારેય મધ્યસ્થતા પેનલને માન્યતા આપી નથી, તેની કાર્યવાહીમાં ભાગ લીધો નથી અને તેના ચુકાદાઓને અનુસરવા ભારત દેશ બંધાયેલો રહેશે નહીં. નવી દિલ્હીએ પણ પુનરોચ્ચાર કર્યો કે સિંધુ જળ સંધિ સ્થગિત છે.

હેગમાં મધ્યસ્થતા અદાલતે ચુકાદો આપ્યો કે, સંધિને મુલતવી રાખવાના ભારતના કારણો અયોગ્ય છે. પેનલે ભારતને 1960ના પાણી વહેચણી કરાર હેઠળ તેની જવાબદારીઓનું પાલન કરવા હાકલ કરી હતી. જોકે, ભારતે આ ચુકાદા તેના અધિકાર ક્ષેત્રના બહાર છે તેમ કહીને તેને નકારી કાઢ્યો હતો.

# INDIA-GERMAN-FORUM

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન પર દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે આજે નવી દિલ્હીમાં ચોથી ભારત-જર્મની પર્યાવરણ ફોરમ યોજાશે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને જર્મનીના પર્યાવરણ, મંત્રી કાર્સ્ટેન સ્નેડર આ ફોરમની સહ-અધ્યક્ષતા કરશે. બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવવા, અને પર્યાવરણીય સંરક્ષણ અને આબોહવા નીતિ સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

આ ફોરમ નીતિ નિર્માતાઓ, ખાનગી ક્ષેત્રના પ્રતિનિધિઓ, થિંક ટેન્ક અને અન્ય મુખ્ય હિસ્સેદારો વચ્ચે પર્યાવરણ અને આબોહવા સહયોગ પર દ્વિપક્ષીય આદાનપ્રદાન માટે એક મંચ પૂરું પાડશે.

# INDIA-G20-FINANCE-MIN-MEET

અમેરિકામાં ચાલી રહેલી G20 નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠકનો અંતિમ દિવસ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે.

આ બેઠક વૈશ્વિક આર્થિક વૃદ્ધિ, નાણાકીય સ્થિરતા, વેપાર, રોકાણ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થામાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે વધતા વૈશ્વિક દેવાને સંબોધવા માટે મજબૂત વૃદ્ધિ, ઉચ્ચ રોકાણ અને સુધારેલી ઉત્પાદકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારત આ બેઠકનો ઉપયોગ ઉભરતી અર્થવ્યવસ્થાઓની જરૂરિયાતોને ઉજાગર કરવા અને ટકાઉ વિકાસ, વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે કરી રહ્યું છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે બેઠક દરમિયાન યુકેના નાણામંત્રી જોન હીલી સાથે વેપાર અને રોકાણ સહયોગ અંગે ચર્ચા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# KAUSHAMBI-INCIDENT

ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલા પ્રચંડ 11 લોકોના મોત થયા છે. પાંચ ગંભીર રીતે ઘાયલ થયા છે.

પોલીસ, ફાયર બ્રિગેડ અને વાયુસેનાના જવાનો દ્વારા સંયુક્ત બચાવ અને રાહત કામગીરી હાથ ધરાઇ છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતના કારણની તપાસ શરૂ કરવામાં આવી છે. ફટાકડાના ગેરકાયદેસર સંગ્રહ અને ઉત્પાદન માટે ભારતીય દંડ સંહિતા અને વિસ્ફોટક અધિનિયમની સંબંધિત કલમો હેઠળ છ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે તથા ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી છે.

પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને બે લાખ અને ઘાયલોને પ્રત્યેકને 50 હજારની સહાયની જાહેરાત કરી છે.

# NEPAL-RESCUE-OPERATION.RTF

નેપાળમાં બચાવ ટીમો ત્રિશુલી- હાઇડ્રોપાવર પ્રોજેક્ટ સાઇટ પર કાદવવાળી સુરંગોમાં ફસાયેલા 600 થી વધુ કામદારો સુધી પહોંચવા માટે અથાગ પ્રયાસો કરી રહી છે. બચાવ ટીમો વિસ્ફોટકો, ભારે મશીનરી અને એર પંપનો ઉપયોગ કરીને ટનલ સાફ કરી રહી છે અને બચી ગયેલા લોકોને શોધી રહી છે.

નેપાળના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર અત્યાર સુધીમાં 939 લોકો મૃત્યુ પામ્યા છે અને 3,925 ગુમ છે. આ ગુમ થયેલા લોકોમાં 592 વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં, હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સમાંથી 279 લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે દેશભરમાં 11 હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

ભારત, દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયાના નિષ્ણાતો સાથે નેપાળ અને ચીનની  લશ્કરી ટીમો બચાવ કામગીરીમાં સહયોગ કરી રહી છે.

ભારતે બચાવ કામગીરીમાં મદદ કરવા માટે ખાસ ટીમો મોકલી છે. 19 સભ્યોની ભારતીય ફોરેન્સિક ટીમ DNA પરીક્ષણમાં મદદ કરી રહી છે. ભારતીય ટનલ બચાવ ટીમો હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સમાં 26 ઓગસ્ટથી ગુમ થયેલા 933 કામદારો અને કર્મચારીઓને શોધવામાં નેપાળી અધિકારીઓને મદદ કરી રહ્યા છે.

# BIHAR FLOOD

નેપાળમાં આવેલા પૂર અને બિહારમાં નદીઓના સ્તરમાં વધારા વચ્ચે, પશુ અને મત્સ્યઉદ્યોગ વિભાગે લોકોને પૂરના પાણીમાંથી પકડાયેલી માછલીઓ ન ખાવાની સલાહ આપી છે.

વિભાગના જણાવ્યા અનુસાર, પૂર દરમિયાન માછલીઓ ગટર, મૃત પ્રાણીઓ અને અન્ય દૂષિત પદાર્થોના સંપર્કમાં આવી શકે છે, જેના કારણે બેક્ટેરિયા, વાયરસ અને અન્ય રોગકારક જીવાણુઓથી ચેપનું જોખમ વધી જાય છે. આવી માછલી ખાવાથી સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બની શકે છે.

વિભાગે સ્પષ્ટતા કરી છે કે, પૂરના પાણીમાં પકડાયેલી માછલીઓ ત્યાં સુધી ખાવી જોઈએ નહીં જ્યાં સુધી પૂરનું પાણી શાંત ન થાય અને જળાશયોની સ્થિતિ સામાન્ય ન થાય.

# SON RIVER WATER SHARING

બિહાર અને ઝારખંડ વચ્ચે સોન નદીના પાણીની વહેંચણી અંગેના સમજૂતી કરાર (MoU) પર ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી, જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, આ કરારથી પૂર્વ ભારતમાં લાંબા સમયથી ચાલતા પાણીના વિવાદનો ઉકેલ આવ્યો છે.

સાંભળીએ એક અહેવાલ.......

## VC: SHAKTI

**(गृह मंत्री ने कहा कि इस समझौते से पूर्वी भारत में लंबे समय से चल रहे जल विवाद का समाधान हो गया है। उन्होंने कहा कि समझौते से बिहार और झारखंड के बड़े ग्रामीण क्षेत्रों में लाखों किसानों को सिंचाई के लिए और लोगों को पीने का पानी उपलब्ध होगा। श्री शाह ने कहा कि इससे बिहार के भोजपुर, बक्सर, रोहतास, कैमूर, औरंगाबाद, अरवल, गया और पटना को पीने और सिंचाई के लिए पर्याप्त पानी की उपलब्धता सुनिश्चित होगी। इसके अलावा झारखंड के पलामू, गढ़वा और अन्य क्षेत्रों में भी सिंचाई और पीने के लिए पानी उपलब्ध होगा। दोनों राज्यों के मुख्यमंत्रियों ने इस मुद्दे को सुलझाने के लिए प्रधानमंत्री नरेंद्र मोदी और गृह मंत्री अमित शाह के प्रति आभार व्यक्त किया। भानु की रिपोर्ट के साथ समाचार कक्ष से शक्ति सिंह।)**

# KHARIF CROPS- AUGUST MONTH DATA

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, 28 ઓગસ્ટ સુધીમાં એક હજાર 71 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકોનુ વાવેતર કરાયું છે.

414 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ડાંગર, 115 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કઠોળ, 177 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં અનાજ અને બરછટ અનાજ, 190 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં તેલીબિયાં, 108 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કપાસ અને 58 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં શેરડીનું વાવેતર કરાયું છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના મુખ્ય અખબાર સંદેશ અને ગુજરાત સમચારે દેશના GDP ગ્રોથ અંગેના સમાચાર ને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- સંદેશમાં, પહેલા ત્રિમાસિક ગાળામાં દેશનો GDP ગ્રોથ 7.8%, ગુજરાત સમાચારમાં, ભારતના GDP માં 7.8% ની વૃદ્ધિ : વાહ વાહ સાથે મુખ્ય હેડલાઇન વાંચવા મળી રહી છે.
- આ ઉપરાંત દિવ્ય ભાસ્કરે નેપાળ ત્રાસદી, સુરંગોમાં ફસાયેલા સેંકડો જીવ, વિદેશની મદદ લેવામાં વિલંબ થતાં સ્થિતિ બગડીના સમાચારને પહેલા પાને સ્થાન આપ્યું છે તે સાથે GDP અંગે ઉમ્મીદ કરતાં મોટો વિકાસને બોક્સમાં છાપ્યા છે.